દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

ગુરુવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૪

# દિલ્હી કોચિંગ સેન્ટરની ઘટનામાં દિલ્હી પોલીસે કાર ડ્રાઈવરની ધરપકડ કરી બુદ્ધિનું દેવાળું ફુંક્યું

કહેતા ભી દિવાના, સુનતા ભી દિવાના જેવો ઘાટ દિલ્હી પોલીસે કર્યો છે. દિલ્હીમાં જુના રાજિન્દર નગરમાં શનિવારે સાંજે એક કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જતાં ત્રણ વિદ્યાર્થી શ્રેયા યાદવ, તન્યા યાદવ અને નેવિન ડેલ્વિનના મોત થઈ ગયા. આ ઘટનાનો ભારે ઉહાપોહ પણ થયો અને દિલ્હી પોલીસ દોડતી થઈ ગઈ. આ ઘટનાને પગલે દેશભરમાં જ્યાં જ્યાં બેઝમેન્ટમાં કોચિંગ ક્લાસ ચાલતા હતા ત્યાં સીલ મારી દેવામાં આવ્યા. ભારત દેશમાં જ્યારે પણ કોઈ મોટી હોનારત બને ત્યારે જ તંત્ર જાગે છે.

દિલ્હીમાં બનેલી આ ઘટનામાં પણ તંત્ર પર આક્ષેપો થતાં તુરંત દિલ્હી પોલીસે કોઈ કાર્યવાહી કર્યાનો સંતોષ લેવા માટે ‘જાડો નર જોઈને ચઢાવો શુળીએ’ની જેમ બેઝમેન્ટમાં પાણી કેવી રીતે ભરાયું તેનું હાસ્યાસ્પદ કારણ શોધી કાઢ્યું.

દિલ્હી પોલીસના અધિકારીઓની સમજશક્તિ પર ધૃણા થાય તેવી રીતે પોલીસે કામગીરી કરી અને આ ઘટનામાં બેઝમેન્ટના માલિકો તેજિન્દર સિંગ, પરવિન્દર સિંગ, હરવિન્દર સિંગ અને સરબજીત સિંગની સાથે એક એસયુવી કારના ડ્રાઈવર મનોજ કથુરીયાની પણ ધરપકડ કરી લીધી.

સામાન્ય રીતે કોચિંગ ક્લાસમાં ઘટના બની એટલે તેના માલિકો સામે ગુનો દાખલ થાય અને ધરપકડ થાય તે સમજી શકાય પરંતુ દિલ્હી પોલીસે જે રીતે એસયુવીના ડ્રાઈવરની ધરપકડ કરી તેણે દિલ્હી પોલીસ સામે અનેક પ્રશ્નો ઊભા કરી દીધા છે. દિલ્હી પોલીસે એસયુવી ફોર્સ ગુરખાના માલિક મનોજ કથુરીયાની ધરપકડ કરી તેમાં એવું કારણ આપ્યું કે મનોજ કથુરીયા પોતાના ઘરથી 700 મીટર દૂર હતા ત્યારે શનિવારે સાંજે પોણા સાત કલાકે પોતાની કાર ભરાયેલા પાણીમાંથી પસાર કરી અને તેને કારણે પાણીએ બેઝમેન્ટનો દરવાજો તોડી નાખ્યો અને તેને કારણે બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા અને ત્રણ વિદ્યાર્થીના મોત થઈ ગયા.

પોલીસે આ માટે એક વિડીયોનો આધાર લીધો કે જેમાં એવું બતાવ્યું હતું કે, મનોજ કથુરીયાની કાર પસાર થયા બાદ પાણીના મોજાને કારણે કોચિંગ સેન્ટરનો દરવાજો તૂટી ગયો અને પોલીસે ધરપકડ કરેલા મનોજ કથુરીયાના જામીન પણ નામંજુર થઈ ગયા. આ ઘટનાએ દિલ્હી પોલીસ સામે અનેક સવાલો ઉભા કરી દીધા છે. સાથે સાથે દેશની સિસ્ટમને પણ કઠેડામાં ઊભી કરી દીધી છે.

આ ઘટનામાં જોવામાં આવે તો કાર ડ્રાઈવરની ધરપકડ કરીને દિલ્હી પોલીસે બુદ્ધીનું દેવાળું ફુક્યું છે. પહેલો પ્રશ્ન તો એ છે કે પાણી ભરાયા જ કેમ? જો પાણી ભરાયા હોય તો પહેલી જવાબદારી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની બને છે. જ્યારે કાર ડ્રાઈવરે રોડ પર જ કાર ચલાવી છે તો પછી તેનો વાંક કેવી રીતે કહી શકાય? જે વિડીયો છે તેમાં પણ કાર ડ્રાઈવર મનોજ કથુરીયાએ ધીરેધીરે જ કાર હંકારી હોવાનું દેખાઈ રહ્યું છે ત્યારે દિલ્હી પોલીસે માત્ર જવાબદારીમાંથી હાથ ખંખેરવા અને સ્થાનિક તંત્રના અધિકારીઓને બચાવી લેવા માટે જ કાર ડ્રાઈવરની ધરપકડ કરવાનો ખેલ કર્યો હોવાનું દેખાઈ રહ્યું છે. જો આવી જ રીતે કોઈની ધરપકડ કરવાની રહે તો આગામી દિવસોમાં અનેક કાર સહિતના વાહનોના ડ્રાઈવરોની ધરપકડ થશે.

જ્યારે ખરેખર જવાબદારી એ લોકોની થાય છે કે જેણે પાણી રોડ પર ભરાવા દીધું અને જેણે કોચિંગ સેન્ટરને બેઝમેન્ટમાં બનાવ્યું અને તેનો દરવાજો એવો બનાવ્યો કે જે પાણીના જોરથી તૂટી જાય. ખેર, કાર ડ્રાઈવર મનોજ કથુરીયાનો કેસ હવે તો કોર્ટમાં ચાલશે પરંતુ જે રીતે દિલ્હી પોલીસે બુદ્ધીનું પ્રદર્શન કર્યું છે તે આગામી દિવસોમાં દિલ્હી પોલીસને કોર્ટના કઠેડામાં લાવશે જરૂર તે નક્કી છે.

# યુવાનો જેટલી વિસ્ફોટક ચીજ બીજી એકેય નથી

## વાત પાછળની વાત

**રમેશ ઓઝા**

**શિક્ષણનું વ્યવસાયીકરણ થયું છે અને અછતના માર્કેટમાં જોવા મળતી દરેક પ્રકારની ગેરરીતિઓ અહીં પણ જોવા મળી રહી છે. ૪. શિક્ષણ સ્પર્ધાત્મક બની ગયું છે એટલે યુવાનોની અંદર હતાશા વધી રહી છે. આર્થિક રીતે પરિવારો અને ભાવનાત્મક રીતે યુવાનો ભાંગી રહ્યા છે. આ એક દિવસ વ્યાપક અરાજકતા અને હિંસાનું કારણ બની શકે એમ છ**

દેશમાં શિક્ષણના ક્ષેત્રમાં જે ઘટનાઓ બની રહી છે તેને એક સાથે જોવી જોઈએ. તેના દ્વારા એક આખું ચિત્ર તમારી સમક્ષ ઊભું થશે અને તેની ગંભીરતાનો ખ્યાલ આવશે.

૧. આજકાલ કોઈ એવી સ્પર્ધાત્મક પરીક્ષા નહીં હોય જેનાં પેપર ફૂટતાં ન હોય.

૨. પૂજા ખેડકર નામની પૂનાની છોકરીએ વિકલાંગનું સર્ટીફીકેટ ખરીદવા સહિત દરેક પ્રકારના ગોરખધંધા કરીને દેશની સનદી સેવામાં નોકરી મેળવી હતી.

૩. દેશમાં કોચિંગ ક્લાસોનો રાફડો ફાટ્યો છે અને તે પ્રવેશથી લઈને પાસ કરી આપવા સુધીની દરેક પ્રકારની સેવા આપે છે.

૪. રાજસ્થાનમાં કોટા નામનું શહેર શિક્ષણનું મોટું માર્કેટ બની ગયું છે અને ત્યાં એવી ગળાંકાપ હરીફાઈ ચાલે છે કે હવે તેના વિષે ફિલ્મો અને વેબ સીરીઝ બનવા લાગી છે.

૫. એવો ભાગ્યે જ કોઈ દિવસ જતો હશે જ્યારે દેશમાં કોઈ ને કોઈ સ્થળે કોઈ વિદ્યાર્થીએ નિષ્ફળતાના કારણે અથવા નિષ્ફળતાના ડરને કારણે કે પછી તેની સાથે કોચિંગ ક્લાસવાળાઓએ કે નોકરી અપાવનારા દલાલોએ કરેલી છેતરપિંડીના કારણે આત્મહત્યા ન કરી હોય. વિદ્યાર્થીની આત્મહત્યા એ હવે ન્યુઝ નથી રહ્યા.

૬. દિલ્હીમાં ભોંયતળિયે ચાલતા એક કોચિંગ ક્લાસમાં વરસાદનાં પાણી ભરાવાને કારણે ત્રણ વિદ્યાર્થીઓનાં મોત.

૭. ભારતનાં વિદ્યાર્થીઓ જગતના એવા એવા દેશોમાં ભણવા જાય છે, જેની આપણે કલ્પના પણ ન કરી હોય! અત્યારે બાંગલા દેશમાં અનામત વિરોધી આંદોલન ચાલી રહ્યું છે એટલે બાંગલા દેશમાં ભણતાં ભારતીય વિદ્યાર્થીઓ પાછાં ફરી રહ્યાં છે. તસ્વીરો જોઈ હશે. ભારતનાં વિદ્યાર્થીઓ જ્યાં કંગાળ શૈક્ષણિક સ્તર છે એવા દેશોમાં ભણવા જાય છે.

૮. શિક્ષણ એટલું મોંઘું છે કે મા-બાપોને જમીન-જાયદાદ વેચવી પડે છે અથવા ગિરવે મૂકવી પડે છે અને તે ક્યારેય છોડાવી શકતાં નથી.

૯. સંપન્ન પરિવારનાં બાળકો વિદેશ ભણવા જઈ રહ્યાં છે અને ત્યાં જ વસવાનો પ્રયાસ કરે છે. ૧૦. ભારતનું નાગરિકત્વ છોડવાનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. ગયા વર્ષે ૨,૨૫,૬૨૦ લોકોએ દેશનું નાગરિકત્વ છોડ્યું હતું.

૧૦. શિક્ષણનું વ્યવસાયીકરણ તો ક્યારનું થઈ રહ્યું છે અને હવે ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે.

૧૧. દેશમાં પ્રાઈવેટ યુનિવર્સિટીઓ સ્થપાઈ રહી છે, જેમાં મધ્યમ વર્ગનું સંતાન ભણી શકે એમ નથી.

૧૨. સરકારી કે સરકારી અનુદાન દ્વારા ચાલતી દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દુત્વવાદીઓને બેસાડવામાં આવ્યાં છે જેમનું બૌદ્ધિક સ્તર તેજસ્વી વિદ્યાર્થીઓ કરતાં પણ ઓછું છે. તેઓ હજુ દ્વાપર અને ત્રેતાયુગમાંથી બહાર નથી આવ્યાં.

૧૩. આજકાલ મિડિયામાં તમને વિકાસ દિવ્યકીર્તિ સર, અવધ ઓઝા સર અને બીજા સરોની મુલાકાત જોવા મળતી હશે. આનું કારણ એ છે કે મિડિયાને આજે સૌથી વધુ આવક આ સરલોકો પાસેથી થાય છે, એટલે તેમની ખુશામત કરવી પડે છે.

૧૪. ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ દેશમાં ભણવાની ઉંમર વીતી ગઈ હોય એવાં ૧૯.૯ ટકા યુવાનો હજુ આજે પણ અશિક્ષિત છે. જે ૮૧.૧ ટકા વિદ્યાર્થીઓ ભણેલાં છે એમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવવા સુધી પહોંચ્યાં હોય એવાં કેટલાં? ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના છેલ્લામાં છેલ્લા અહેવાલ મુજબ ૨૮.૪ ટકા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા સુધી પહોંચે છે. બાકીનાં વિદ્યાર્થીઓ કોલેજ સુધી પહોંચતાં જ નથી. આનો અર્થ એ થયો કે દેશના લગભગ ૮૦ ટકા યુવાનો હજુ શિક્ષણના બજારમાં ગ્રાહક તરીકે આવ્યા જ નથી. કલ્પના કરો કે જો પ્રત્યેક યુવા શિક્ષણના બજારમાં પ્રવેશતો હોત તો શૈક્ષણિક વ્યવસ્થાનું શું થાત!

૧૫. પણ ચિંતા કરવાની જરૂર નથી, આપણે વિશ્વગુરુ છીએ. દુનિયા આપણા પગ ચૂમવાની છે, ચૂમવાની છે શું, ચૂમવા લાગી છે અને દેશના શિક્ષણ પ્રધાને ગયા અઠવાડિયે લોકસભામાં કહ્યું હતું કે કોઈ પેપર ફૂટ્યાં જ નથી. ૨૦૨૦ના જૂન મહિનામાં વડા પ્રધાને જેમ દેશને કહ્યું હતું કે ચીને ભારતમાં પ્રવેશ કર્યો જ નથી. આપણને એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે દેશમાં અમૃતકાલ ચાલી રહ્યો છે. પહેલી ૧૪ વાસ્તવિકતા છે અને પંદરમી પ્રતિક્રિયા છે, પ્રતિસાદ છે.

આ બધાં બિંદુઓને જોડશો તો શું નજરે પડે છે?

૧. આઝાદીનાં ૭૭ વર્ષ પછી પણ આપણે પોણા ભાગનાં યુવાઓને તેમને મળવું જોઈતું શિક્ષણ આપી શકતાં નથી. તેઓ ઉચ્ચ શિક્ષણની કલ્પના પણ કરી શકે એમ નથી.

૨. દેશના માત્ર ચોથા ભાગનાં યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એમ છે અને મેળવવા માગે છે, પરંતુ તેમને પણ આપણે ઉચ્ચ શિક્ષણ આપી શકતાં નથી અને આપીએ છીએ તો તેની ગુણવત્તાના પ્રશ્નો છે. એટલે તેમને એવા પછાત દેશોમાં ભણવા જવું પડે છે જેની આપણે કલ્પના પણ ન કરી હોય.

૩. સમસ્યા માગ અને પુરવઠાની છે. જેટલી માગ છે એટલી બેઠકો નથી એટલે શિક્ષણનું વ્યવસાયીકરણ થયું છે અને અછતના માર્કેટમાં જોવા મળતી દરેક પ્રકારની ગેરરીતિઓ અહીં પણ જોવા મળી રહી છે.

૪. શિક્ષણ સ્પર્ધાત્મક બની ગયું છે એટલે યુવાનોની અંદર હતાશા વધી રહી છે. આર્થિક રીતે પરિવારો અને ભાવનાત્મક રીતે યુવાનો ભાંગી રહ્યા છે. આ એક દિવસ વ્યાપક અરાજકતા અને હિંસાનું કારણ બની શકે એમ છે.

૫. ગાંડી સ્પર્ધા એટલા માટે ચાલી રહી છે કે દરેક યુવાન નોકરી કરવા માગે છે અને નોકરી નથી. આખો દેશ કેવી રીતે નોકરિયાત બની શકે? પણ આ માટે નોકરી મેળવવા માગતો ઈચ્છુક જવાબદાર નથી, શાસકો જવાબદાર છે. શિક્ષણને સ્પર્ધા સાથે અને સ્પર્ધાને નોકરી સાથે જોડી દીધાં છે. જીવનનિર્વહનનાં બીજાં માધ્યમોની પ્રતિષ્ઠા જ નથી અને હવે આ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના યુગમાં હજુ નોકરી ઘટવાની છે.

જો ઉપર કહ્યાં એ બિંદુઓને જોડશો તો સ્થિતિ ઉપર કહી એવી નજરે પડે છે. હવે વિચારો કે તમે જો શાસક હો તો તમે શું કરો અને એ તરફ પણ નજર કરો કે આત્યારના આપણાં શાસકો શું કરી રહ્યાં છે.

પહેલા પ્રશ્નનો જવાબ તમારે વિચારવાનો છે અને બીજા પ્રશ્નનો જવાબ સામે છે. તેઓ નિશ્ચિંત છે. એટલાં નિશ્ચિંત કે આપણને અકળામણ થાય. કદાચ તેઓ એમ માને છે કે પોતાને વિશ્વગુરુ જાહેર કરી દીધા એટલે ભણતરની દુનિયામાં પ્રવેશવા માગનારાઓ ઘરે જતાં રહેશે. હવે ભણવાની શી જરૂર છે, આપણે તો આખા વિશ્વના ગુરુ છીએ. તેઓ આગ સાથે રમત રમી રહ્યા છે અને યુવાનો જેટલી વિસ્ફોટક ચીજ બીજી એકેય નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જીવનની સાચી સમજ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ફકીર ઝાડ નીચે બેસીને ઉપર ખુદની ભક્તિ કરતો અને આવતા જતા બધાને કહેતો, ‘તારું કોઈ નથી બસ એક ખુદા જ છે તે સમજી લે નહિ તો દુઃખી થશે.’ ફકીર સતત એકસરખું આ વાક્ય જ બોલતો અને બધા તેને લગભગ ગાંડો ફકીર જ કહેતા.ફકીર કોઈને હેરાન કરતો નહિ પણ જે કોઈ જાય તેને આ જ વાક્ય કહેતો. એક યુવાન નાસીપાસ થઈને ફકીર બેસતો હતો તે ઝાડ નીચે અનાયાસે આવીને બેઠો.યુવાનના મોઢા પરથી જ દેખાતું હતું કે ખૂબ જ દુઃખી અને હતાશ છે.ફકીર તેની તરફ જોતો હતો. યુવાનના મોઢા પર નિરાશા છલકતી હતી.ફકીર ધીમેથી તેની પાસે ગયો અને પોતાની પાસેથી પાણી આપ્યું. યુવાને પાણી પીધું.ફકીર બોલ્યો, ‘યુવાન, તું બધાનો થઈને રહ્યો પણ તને લાગે છે કે તારું કોઈ નથી. બધા સ્વાર્થનાં સગાં છે.’યુવાને ફકીરની સામે જોયું અને હા પાડી.ફકીરે આગળ કહ્યું, ‘તને એમ થાય છે કે તેં બધાને સમજવાનો પ્રયત્ન કર્યો અને સમજ્યા પણ તને કોઈ સમજતું નથી. બધા તને જ ખોટો ગણે છે અને તારો વાંક કાઢે છે.’ફકીર બોલતો હતો અને યુવાન તેની સામે જોતો રહ્યો. ફકીરે આગળ કહ્યું, ‘તું બધા માટે જીવે છે પણ કોઈ તારા માટે જીવતું નથી અને તું બધા માટે એક દિવસ મરી જઈશ પણ તારા માટે કોઈ નહિ મરે.’



આ સાંભળી યુવાન ફકીરના પગે પડી ગયો અને બોલવા લાગ્યો, ‘ફકીરબાબા, તમે તો ત્રિકાળ જ્ઞાની લાગો છો.તમને મારી સાચી પરિસ્થિતિની કેવી રીતે ખબર પડી? તમે મારું મોઢું જોઇને આટલું બધું જાણી લીધું.’ આ સાંભળી ફકીર જોર જોરથી હસવા લાગ્યો.ફકીરને હસતો જોઇને યુવાન અચંબામાં પડી ગયો.તેણે કહ્યું, ‘બાબા, તમે જ્ઞાની છો, તમે જે કહ્યું તે બધું જ સાચું છે.હવે શું કરવું તે મને કહો.’ફકીર હસતાં હસતાં બોલ્યો, ‘યુવાન આ તારી નહિ બધાના જીવનની સાચી હકીકત છે. દરેકને આવું જ લાગે છે અને એટલે બધા જ દુઃખી થાય છે.જીવનમાં દરેક દુઃખના મૂળમાં અપેક્ષા હોય છે.આપણને લાગે છે કે આપણે બધાનું બહુ કરીએ છીએ.બધાને સમજીએ છીએ.બધા માટે જીવીએ છીએ પણ આપણું કોઈ નથી.આ અપેક્ષા જ માણસ માત્રને દુઃખી કરે છે.એટલે જ હું બધાને સમજાવતો રહું છું કે તારું કોઈ નથી. બસ એક ખુદા જ છે તે સમજી લે, નહિ તો દુઃખી થશે.’ યુવાને ફરી પગ પકડી કહ્યું, ‘બાબા, તમે તો મારી આંખો ઉઘાડી દીધી.’ ફકીરે ફરી કહ્યું, ‘તારું કોઈ નથી. બસ એક ખુદા જ છે તે સમજી લે નહિ તો દુઃખી થશે.’ એક દુઃખી યુવાનને ગાંડા ગણાતા ફકીરે જીવનની સાચી સમજ આપી.

# પ્રવાસીઓ! પાછા જાવ

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

**કોઈ પણ વ્યક્તિ જ્યારે પ્રવાસી બનીને અન્ય સ્થળે જાય ત્યારે તે કેવી રીતે વર્તે છે? વર્તણૂક કોઈ વ્યક્તિ સાથે નહીં, પણ એક પ્રવાસી તરીકે પોતે કેટલો જવાબદારીપૂર્વક વર્તે છે એ મહત્ત્વનું છે. આ બાબત એકલા યુરોપમાં નહીં, સમગ્ર વિશ્વનાં પ્રવાસીઓને સાર્વત્રિકપણે લાગુ પડે છે. યુરોપના વિકસિત ગણાતા દેશોમાં આ હાલત છે, જ્યારે આપણે ત્યાં ઘરઆંગણે હજી અનેક સ્થળોને પ્રવાસનધામ તરીકે વિકસાવવાનું આયોજન પૂરજોશથી થઈ રહ્યું છે. વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે કરાતા આ વિકાસને કારણે જે તે સ્થળની શી વલે થશે એ કલ્પના કરવી મુશ્કેલ નથી**

નવાઈ પમાડે એવી વાત તો છે! જે શહેરના અર્થતંત્રનો ચૌદ ટકા જેટલો નોંધપાત્ર હિસ્સો પ્રવાસન પર અવલંબિત હોય અને નવ ટકા રોજગાર પણ આ ક્ષેત્રે હોય એ શહેરનાં રહીશો એકઠાં થઈને પ્રવાસીઓ સામે દેખાવ કરે એ જાણીને નવાઈ લાગ્યા વિના રહે નહીં. પણ આમ બન્યું છે.

એક સવા મહિના અગાઉ આ કટારમાં સ્પેનના મયોર્કા ટાપુનાં રહીશોએ પ્રવાસીઓ સામે કરેલા વિરોધ પ્રદર્શન વિશે જણાવવામાં આવ્યું હતું. સવા નવેક લાખની વસતિ ધરાવતો આ ટાપુ સહેલાણીઓમાં અતિ પ્રિય બની રહ્યો છે. વરસે દહાડે અહીં દસથી બાર લાખ સહેલાણીઓની અવરજવર રહે છે. આમ છતાં, સહેલાણીઓના ધસારાથી, તેને લઈને શહેરને થતા નુકસાનથી ત્રાસીને મયોકાવાસીઓએ નક્કી કર્યું કે આ વર્ષે તેઓ પ્રવાસીઓ સામે દેખાવ કરીને તેમનો વિરોધ કરશે. સ્પેનના બાર્સેલોના શહેરમાં આ જ ઘટનાનું પુનરાવર્તન થયું. છઠ્ઠી જુલાઈ, 2024ને શનિવારે બાર્સેલોનાનાં અનેક રહીશો એકઠાં થઈને શહેરનાં જાણીતાં પ્રવાસન સ્થળોએ ફર્યાં. ‘બાર્સેલોના વેચાણ માટે નથી’ જેવાં સૂત્ર લખેલાં પાટિયાં પકડીને તેમણે ‘પ્રવાસીઓ પાછા જાવ’નો સૂત્રોચ્ચાર કર્યો. આટલું ઓછું હોય એમ તેમણે પ્રવાસીઓ પર પીચકારીઓ વડે પાણીનો છંટકાવ કર્યો. અપરાધસ્થળે લગાવાય છે એવી લાલ રંગની પટ્ટીઓ તેમણે હોટેલો ફરતે વીંટાળી. અલબત્ત, આ આખો કાર્યક્રમ ધાર્યા મુજબ સફળ ન રહ્યો, પણ પ્રસાર માધ્યમોમાં આ ઘટના ચમકી ખરી.

કોવિડની મહામારીથી પહેલાં બાર્સેલોનાનાં રહીશો ફરિયાદ કરતા રહ્યા છે કે તેમનું સુંદર શહેર ગીચતા, આકાશી મકાનભાડાં અને જીવનધોરણના અતિશય ઊંચા દરને લઈને રહેવા માટે અસહ્ય બનતું ચાલ્યું છે. સોળેક લાખની વસતિમાંથી દોઢેક લાખ લોકોને રોજગાર પૂરો પાડતા આ ક્ષેત્ર સામે વિરોધનો આવો પ્રચંડ જુવાળ ફાટી નીકળે એ બતાવે છે કે સ્થાનિક રહીશો કઈ હદે ત્રસ્ત થયાં હશે.

આ ઘટનાને કારણે એવા સવાલ પણ પૂછાતા થયા છે કે આ પરિસ્થિતિ માટે શું પ્રવાસીઓ એકલા જ જવાબદાર છે? સ્થાનિક સત્તાવાળાઓ યોગ્ય પગલાં લેવામાં નિષ્ફળ નીવડ્યા છે એટલે ખરો આક્રોશ તેમની સામે હોવો જોઈએ.

બાર્સેલોનાના મેયર જૉમ કોલ્બોનીએ પ્રવાસીઓના ધસારાને ખાળવા માટે અનેક પગલાંની ઘોષણા કરી છે, જેમાં પ્રવાસીઓ પરના રાત્રિવેરામાં વધારો તેમજ ક્રૂઝ જહાજમાં મુસાફરોની સંખ્યાને મર્યાદિત કરવાનો પણ સમાવેશ થાય છે. તેમણે વધુમાં જાહેર કર્યું કે 2028 સુધીમાં તેઓ દસ હજારથી વધુ એપાર્ટમેન્ટના ટૂંકા ગાળાનાં ભાડાપટા નાબૂદ કરીને પ્રવાસીઓ માટે ભાડે એપાર્ટમેન્ટ રાખવાની જોગવાઈને નાબૂદ કરશે. એને કારણે લાંબા અરસા સુધી અહીં વસનારાં એટલે કે રહીશો માટે આવાસની કિંમત પોસાય એવી થશે. ઉલ્લેખનીય છે કે છેલ્લાં દસેક વર્ષમાં બાર્સેલોનામાં મકાનનાં ભાડામાં 68 ટકા જેટલો અને મકાનની કિંમતમાં 38 ટકા જેટલો વધારો થયો છે.

પ્રવાસીઓને કારણે વિવિધ ચીજોની કિંમતમાં વધારો થાય છે અને જાહેર સેવાઓ પર દબાણ આવે છે. સાથોસાથ પ્રવાસન થકી થતા નફાની અસમાન વહેંચણી થાય છે અને સામાજિક અસમાનતા વધે છે.

બાર્સેલોનાનાં રહીશોએ કદાચ અત્યાર સુધી પ્રવાસન થકી થતી આવકનાં ફળ ચાખ્યાં હશે, તેની સામે પોતાને થતા નુકસાનને નજરઅંદાજ કર્યું હશે, પણ હવે તેમનો વિરોધ ચરમસીમાએ છે અને આ કેવળ બાર્સેલોનાનાં રહીશોની વાત નથી. સ્પેનમાં અન્યત્ર તેમજ યુરોપના કેટલાક દેશોમાં સ્થાનિકોએ ત્રાસીને પ્રવાસીઓનો વિરોધ શરૂ કર્યો છે. પોતાને થતા દેખીતા લાભને પણ તેમણે જોખમમાં મૂક્યો છે એમ કહી શકાય.

આ બાબત વિચાર માગી લે એવી છે. સૌથી પહેલો વિચાર એ કરવાનો છે કે કોઈ પણ વ્યક્તિ જ્યારે પ્રવાસી બનીને અન્ય સ્થળે જાય ત્યારે તે કેવી રીતે વર્તે છે? વર્તણૂક કોઈ વ્યક્તિ સાથે નહીં, પણ એક પ્રવાસી તરીકે પોતે કેટલો જવાબદારીપૂર્વક વર્તે છે એ મહત્ત્વનું છે. આ બાબત એકલા યુરોપમાં નહીં, સમગ્ર વિશ્વનાં પ્રવાસીઓને સાર્વત્રિકપણે લાગુ પડે છે.

યુરોપના વિકસિત ગણાતા દેશોમાં આ હાલત છે, જ્યારે આપણે ત્યાં ઘરઆંગણે હજી અનેક સ્થળોને પ્રવાસનધામ તરીકે વિકસાવવાનું આયોજન પૂરજોશથી થઈ રહ્યું છે. વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે કરાતા આ વિકાસને કારણે જે તે સ્થળની શી વલે થશે એ કલ્પના કરવી મુશ્કેલ નથી. એમાં પણ હિમાલયના નાજુક ભૂપૃષ્ઠ ધરાવતા પ્રદેશમાં જે રીતે વિકાસના નામે છેડછાડ થઈ રહી છે અને એનાં વિપરીત પરિણામ દર વર્ષે નિયમિતપણે જોવા મળી રહ્યાં છે. છતાં એ વિકાસયોજનાઓ આગળ ધપી રહી છે. પ્રવાસીઓનો ત્યાં ધસારો શરૂ થશે પછી એની જે હાલત થવાની હશે એ થશે, એ અગાઉ એ વિસ્તારના પર્યાવરણનો ખો વળી રહ્યો છે અને એ કૃત્યને ગૌરવભેર આગળ કરવામાં આવી રહ્યું છે. એ તો સરકારના પક્ષની વાત થઈ. નાગરિક તરીકે આપણી જવાબદારી ઓછી નથી. પ્રવાસી તરીકે પ્રત્યેક સ્થળ, સંસ્કૃતિને યોગ્ય સન્માન આપવું એ લઘુતમ અપેક્ષા હોય છે, પણ એથી આગળ વધીને પ્રવાસના સ્થળે ગંદકી કરવી તો અપરાધ જ છે.

કોવિડ પછીનો સમયગાળો એવો છે કે વૈશ્વિક સ્તરે સૌ વધુ ને વધુ પ્રવાસ કરતા થયા છે. તેને કારણે આ ક્ષેત્રે નાણાંનો પ્રવાહ વધ્યો છે. જે તે સ્થળને થઈ રહેલા નુકસાન, ત્યાં કરાઈ રહેલી ગંદકી અને પર્યાવરણને થતું નુકસાન ગમે એટલા નાણાંથી ભરપાઈ કરી શકાય એવું નથી હોતું.

એમ લાગે છે કે વાનરમાંથી ઉત્ક્રાંત થઈને માનવ બન્યા પછી માનવમાંથી નાગરિક બનવા માટે હજી લાંબી મજલ કાપવાની છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

## અંગ્રેજી ભાષા ક્યાંની?

બેતાળા વટાવી ચૂકેલ એક ધર્મપ્રિય જન સંસ્કૃત ભાષાના પંડિત પાસે પાસ સંસ્કૃત ભાષા શીખવા ગયા તો પંડિતે પૂછ્યું કે આ ઉંમરે સંસ્કૃત ભાષા શીખવાની શી જરૂર પડી? પેલા ધર્મઘેલા જને જણાવ્યું કે વેબસાઈટથી જાણવા મળ્યું છે કે સ્વર્ગમાં બધા દેવો માત્ર એક સંસ્કૃત ભાષામાં જ વાત કરે છે ત્યારે સામું પૂછતાં પંડિતે કહ્યું કે નર્કમાં જવાનું થાય તો? પેલા હરખઘેલાએ કહ્યું કે, એને અંગ્રેજી ભાષા યાને ઈંગ્લીશ તો આવડે જ છે? વાત મુજીને રમૂજી કરવાની નથી. વાસ્તવમાં તો દર એક ગુજ્જુ જને વિચારવાની વાત છે. હરિ ગાડું મારું ક્યાં લઈ જાય. કાંઈ ન જાણું કા’ઈમ જાણું રી.

**ધરમપુર - ધીરુ મેરાઈ**

## વિચારો એવા રજૂ કરો કે અન્યોને વિચારવા મજબૂર કરે

દરેક વ્યક્તિને વિચારવાની શક્તિ આપી છે પણ પ્રશ્ન થાય કે કેવું વિચારવું. કોઈ પણ ક્ષેત્ર હોઈ રાજકારણ, ધાર્મિક, વહીવટ, સમાજ, સાહિત્ય, ફિલ્મ વગેરે વિચારકો દ્વારા રજૂ કરવામાં આવતા વિચારો અથવા કોઈ પણ ક્ષેત્રે બનતા બનાવોને કેવી રીતે રજૂ કરવામાં આવે તે અગત્યનું છે. આજે લોકોને આંજી નાખે એવાં ધાર્મિક પ્રવચનો અને રાજકારણમાં કહેવાતી વાતો તો લોકોના ગળે/મગજમાં ઊતરી જાય તે રીતે રજૂ કરવામાં આવે છે. પરંતુ આવાં પ્રવચનો સાંભળવા જનારા પોતાની વિચારશક્તિનો ઉપયોગ કરીને મગજને થોડી પણ કસરત આપે તો પોતાને સમજાય કે પ્રવચન કરનારે કોઈ કામ ધંધો, વેપાર, નોકરી કરવા જવાનું હોતું નથી. દરેક સામાન્ય માનવીએ તો કામ ધંધો, નોકરી, વેપાર સવારે ઊઠીને કરવાનો જ છે.દરેક વ્યક્તિનો પ્રથમ મુદ્રા લેખ કામ એ જ પૂજા અને બીજું દરેક પ્રત્યે સમાન ભાવ પછી બીજું બધું ગુજરાતીમાં કહેવત છે “ધંધે ધાન અને ધંધે માન”તે જ રીતે “નાણાં વગરનો નાથિયો, નાણાં એ નાથાલાલ”તો પછી માનવી વગર વિચારીએ કેમ દરેક જગ્યાએ દોડી જાય? કોઈના પર અત્યાચાર, જુલમ, ગરીબી, બેકારી, મોંઘવારી, રોજગારી, બનાવટ, છેતરપિંડી વગેરે વિરુદ્ધ અવાજ ઉઠાવવા આગળ આવવાની જરૂર છે. કોઈ પણ ક્રિયા કરવી અઘરી છે તો તેના ઉપર પ્રતિક્રિયા આપવી કોઈ સામાન્ય માનવીનું ગજું જ નથી. એટલે દરેક માનવીએ મગજને વ્યાયામ આપી ખરા ને ખરું અને ખોટાને ખોટું કહેવા આગળ આવવું પડશે, બાકી કોઈ આગળ આવે કે ન આવે, જીવન તો આમ પણ બે રોટલી ખાઈને પૂરું જ થવાનુ છે એમાં કોઈ ધાડ મારવા જેવી નથી.”લેખન એક કલા છે તો વાચન મહાન કલા છે વાંચવાવાળા હોય તો જ લખાણની કિંમત.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## અવાજનું પ્રદૂષણ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું કે, હાઈ બ્લડ પ્રેશરની બીમારીઓનું કારણ પણ ટ્રાફિકનો અવાજ, જેનો દર 10 ડેસિબલ્સ વધતાં હૃદયની સમસ્યાઓનું જોખમ રહેલ છે. ટ્રાફિકના અવાજનું પ્રદૂષણ મોટી લક્ઝરી બસોમાં એર ફોનથી જબરદસ્ત થાય છે તો શુભ પ્રસંગે 6 કે 8 ફૂટની હાઈટની ડી.જે. મ્યુઝિક સીસ્ટમના ડેસિબલ્સ તો ગણતરી બહારના હોઈ શકે! કારણકે ડી.જે. નું મ્યુઝિક વાગતું હોય ત્યારે ઘરનાં બારી-બારણાં અને નકુચામાંથી પણ ધણાધણાટી થવા માંડે છે અને તે ઘરનાં સભ્યો સાંભળે તેવા અવાજથી. તો પણ આપણે ત્યાં ડી.જે.ની તાલે (?!) સૂટ પહેરીને બપોરની ગરમીમાં બેહૂદું નૃત્ય કરતાં ભડવીરો ટ્રાફિક જામ કરીને જોવા મળે છે. ખેર! હમણાં કોઈ એક જગ્યાએ બાંધકામ ચાલતું હતું અને ડી. જે.ની તાલથી ઝૂમતો વરઘોડો બાંધકામવાળી જગ્યાની નજીકથી પસાર થતાં પહેલા માળે બનાવેલ ઈંટની દિવાલ (પ્લાસ્ટર વગરની) તૂટી પડી અને તે ઈંટો પહેલા માળેથી વરઘોડિયાઓ પર જ પડી અને ભારે જાનહાનિ થઈ તો પણ, ડી.જે.નો ધંધો કરી લેવાની લાહ્યમાં અને મૂર્ખાઓના સરદારની કમીના હોવાથી બેહુદૂં બધું ચાલે જ છે. સરકારી બાબુઓની ફરજમાં આ નોટીસ પોલ્યુશન અટકાવવાનું આવતું ન હોય તેથી બધા હેરાન થતા અને લાગતાવળગતા મૂક-બધિર થઈ તમાશો ચલાવ્યા કરે છે. ડી.જે. નો અવાજ જેમાંથી નીકળે છે તેવા વિશાળ સ્પીકરો સામે મૂર્ખ માતા-પિતા તેના માસૂમ બાળકોને કાંખમાં તેડીને ઊભાં રહે છે. જે અવાજથી મોટા માણસોના હૃદયમાં પણ ધમ-ધમ બોલે તેવા અવાજમાં બાળકોના કાન અને હૃદયને નુકસાન થાય છે તે પણ માતા-પિતાઓને ભાન નથી.

**સુરત - પરેશ ભાટિયા**

## નહીં રે જવા દઉં ચાકરી રે

મુવીમાં વરસાદને લગતા ઘણા ગીતો આવે છે. મને આગળનું એક ગીત યાદ આવે છે. ‘હાય હાય એ મજબુરી તેરી દો ટકિયો કી નૌકરી’ મેરા લાખો કા સાવજ જાય’ અને બીજું એક ગુજરાતી ગીત ‘આભ માં ઝીણી ઝબુકે વિજળી રે, ઝીલા ઝરમર વરસે મેહ, ગુલાબી નહીં રે જવા દઉ આકરી રે’ આ ગીતો આજના જમાનામાં કેટલા પ્રસ્તુત છે ? આજે તો નોકરી માટે યૌવન ધન ફાંફા મારે છે, સરકારી નોકરી તો સ્વપ્ન જ બની ગઈ છે. થોડી વેકેન્સી માટે હજારો નોકરી વાંચ્છુઓ લાઈ ન લગાડે છે. અરે ફોર્મના પૈસા પણ કેટલા ? કેટલી એ જગ્યાઓ ખાલી હોય છે ત્યાં નવી ભરતી થતી નથી. રીટાયર્ડ થાય પછી જે સ્ટાફ બાકી રહે તેની ઉપર કામનો બોજો વધી જાય છે. હવે તો પેન્શન પણ બંધ, પ્રાઈવેટમાં તો રીતસરનું સોષણ જ થાય છે. કામના કલાકો વધારે અને પગાર ઓછો, ઘણી જગ્યાએ તો રવિવાર તથા બીજી રજા કર્મચારી લે તો પગાર કાપી નાંખે. જેને પોષાય તે નોકરી કરે નહીં તો બીજા મજબુર યુવાનો તો તૈયાર જ છે. પરિસ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. કારમી મોંઘવારીમાં જીવન જીવવું દોહયલું થઈ ગયું છે. ધનવાનો દિવસે દિવસે વધારે ધનવાન થતા જાય છે. અને પોતાના વૈભવનું પ્રદર્શન કરે છે. ગરીબોને તો સરકારી સહાય ઘણી મળતી હોય છે. મરો મધ્યમવર્ગનો છે એની પરિસ્થિતિ તો નહીં કહેવાય અને નહીં સહેવાય એવી થઈ ગઈ છે. આ બધું કયાં જઈ અટકશે?

**સુરત - પલ્લવી ત્રિવેદી**

## આ માર્ગ સવેળા વન વે જાહેર કરો

સુરત શહેરના ઘોડદોડ રોડથી દક્ષિણે આવેલા પનાસ ગામ તરફ જતા, નવસારી કૃષિ યુનિવર્સિટીનાં સંશોધન કેન્દ્રોવાળા એકમાર્ગી સાંકડા રસ્તાઓ ઉપર ઉત્તર અને દક્ષિણ બેઉ દિશાએથી સતત દ્વિચક્રી , ત્રણ ચક્રી અને ચાર ચક્રી વાહનોની અવરજવર સાથે ક્યારેક હેવી વેઈટ વાહનો અંતર્ગત નાના મોટા ટેમ્પો સહિત અનેક વખત કૃષિ યુનિવર્સિટીના ઉપયોગમાં લેવાતા ટ્રેક્ટર + ટ્રેઈલર જે ઘણી વખત યુનિવર્સિટીના સંશોધન કાર્ય સાથે જોડાયેલ ખેતરોમાં ઉપયોગી સાધન સંબંધિત માલસામાનની હેરફેરને લગતા કાર્યવિસ્તાર વચ્ચે, જાહેર માર્ગ હોવાને કારણે અહીંથી પસાર થતા વાહનવ્યવહાર વચ્ચે યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્ય સાથે જોડાયેલ સ્ટાફ તેમજ બહારગામથી આવનજાવન કરતી અને શૈક્ષણિક પ્રવાસ હેતુસર ઘણી વખત નાની મોટી બસોના વાહનને નડતરરૂપ બનતાં શહેરી વિસ્તારના ખાસ કરીને વેસુ, ઉમરા, પીપલોદ અને ભરથાણા કે ડુમસતરફી વાહનચાલકો સહિત અન્ય કેટલાક ધંધાકીય વાહનોની બેઉ તરફી આવનજાવનની રોજની ધડબડાટી વચ્ચે યુનિવર્સિટીના ખેતરમાં કામ કરતા મજૂર વસાહત તથા પનાસ ગામના રોજી રોટી માટે હંમેશ મુજબ પગપાળા ચાલતાં શ્રમિકો માટે ક્યારેક ક્યારેક ખોટી દિશાથી ઓવર ટેઈક કરી બેફામ બનતાં વાહનચાલકો યમદૂત બની જાય એવી ઘટના કોક વાર નજરે જોનારની રુંવાટી ઊભી કરતા રહ્યા છે. ચોમાસા બાદ શિયાળાની મોસમ દરમિયાન કમસેકમ એકસોથી વધુ સિનિયર સિટીઝનો પણ આ રસ્તાઓ ઉપર વહેલી સવારથી ચાલવા નિકળી પડે છે, ત્યારે પણ કોઈ કોઈ વાર અણઘડ વાહનચાલકોની ગલતફેમીના શિકાર થાય તેમ છે. આ અંગે લાગતાવળગતા અધિકારીઓ, મનપાના સત્તાધીશો તેમજ શહેર ટ્રાફિક પોલીસ કમિશનર વિભાગ આ વાતે જાત તપાસ હાથ ધરાવીને ખાસ કરીને આ રસ્તાઓ ઉપરથી પસાર થતા રોજમદાર મજૂર વર્ગને નિરાંત કે રાહતનો દમ આપી / અપાવી શકશે કે કેમ ? આપણે હંમેશની જેમ જ શું કાગને ડોળે જ રાહ જોવાની રહેશે?

**સુરત - પંકજ શાંતિલાલ મહેતા**